આવતીકાલનો ઉજાસ

વિરેન્દ્રસિંહ પી ગોલ
ધોરણ-૮, ઍમ બી પટેલ સાર્વજનિક વિદ્યાલય

વિરેન્દ્રસિંહ ભણવામાં તેજસ્વી છે અને સામાન્ય જ્ઞાનમાં પણ પાવરધો છે. જીકે અને આઈક્યૂ ટેસ્ટમાં તેણે જિલ્લાકક્ષા સુધી ભાગ લીધો છે અને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં ભાગ લઈને સારો દેખાવ કર્યો છે.

ઉત્તરાયણના દિવસે ઘાયલ કબૂતરનો જીવ બચાવી જીવદયાનું ઉમદા કાર્ય તેણે કર્યું છે.

રિદ્ધિ જી પંચાસરા
ધોરણ-૭
પ્રેરણા વિદ્યાલય

રિદ્ધિ અભ્યાસમાં હોંશિયાર હોવાની સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. સ્વભાવે હસમુખી એવી આ વિદ્યાર્થીની દરેક વ્યક્તિ સાથે આદરપૂર્વક વર્તે છે. ભવિષ્યમાં ડૉક્ટર બની લોકોની સેવા કરવાની મહત્ત્વાકાંક્ષા તે ધરાવે છે.

પેથાપુરમાં આજે જશ્ને જીન્દ્રાશા મદાર

ગાંધીનગર, તા.૧૭

પેથાપુર તકીયા ખાતે જસ્ને જીન્દ્રાશા મદારની શાનમાં હઝરત મોલાના કમરકુત્બી કારંટવી (શેરે ગુજરાત) વાયઝ તકરીર ફરમાવી દિલોને મુનવર કરશે. તેમ સ્ટાર કમિટી તકીયા તરફથી આ વાયઝ રાખવામાં આવેલ છે. તો રાત્રે ૧૦.૦૦ કલાકે બિરાદરોએ હાજર રહેવા ફિરોજ એ હાજર લુહાર સ્ટાર કમિટી તકીયાએ અપીલ કરેલ છે.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૭

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ગિયોડ ગામની ચૈતન્ય પબ્લિક સ્કૂલ દ્વારા વાર્ષિક પરીક્ષા પૂર્વે બુદ્ધિ કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી હિનલ આહિર અને જૈમિન ચૌધરીએ પ્રથમ નંબર તથા ઉર્વિશ ચૌધરીએ તૃતીય નંબર મેળવી શાળાને ગૌરવ અપાવ્યું હતું. શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ધો. ૧૧માં અંગ્રેજીમાં વૅલ્યુ ઑફ સ્પૉર્ટ્સ અંગે નિબંધ પૂછાયો

જિલ્લામાં એકપણ કોપી કેસ નહીં : ૨૭ વિદ્યાર્થીઓ ગેરહાજર

ગાંધીનગર, તા. ૧૭

ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહની દ્વિતીય સેમીસ્ટરની પરીક્ષામાં આજે અંગ્રેજી વિષયની કસોટી યોજવામાં આવી હતી. અંગ્રેજીનું પ્રશ્નપત્ર એકંદરે સરળ નીકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવી હોંશભેર પરીક્ષા આપી હતી. પ્રશ્નપત્રમાં વેલ્યુ ઓફ સ્પોર્ટસ વિષય અંગે નિબંધ તેમજ ફ્રી ચિલ્ડ્રન કેમ્પ સંદર્ભે રીપોર્ટ પૂછવામાં આવ્યો હતો.

દ્વિતીય સેમીસ્ટરની પરીક્ષાના પ્રારંભે ગણિતના પ્રશ્નપત્રમાં થોડા દાખલા ટ્વીસ્ટ કરીને પુછાતા ઘણાખરા વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાયા હતા. જ્યારે ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને અનુલક્ષી આજે અંગ્રેજી વિષયની પરીક્ષા લેવાઈ હતી. જિલ્લાના ૫૮૦૦ વિદ્યાર્થીઓએ અંગ્રેજીની પરીક્ષા આપી હતી.

દ્વિતીય સેમિસ્ટરની લેખિત પરીક્ષામાં અંગ્રેજીના પ્રશ્નપત્રમાં રસપ્રદ વિષયો અંગે નિબંધ પુછાતા પરીક્ષાર્થીઓને લખવાની મજા પડી હતી. ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના વિષય નિષ્ણાંત દેવાંગ ઠક્કરે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે અંગ્રેજીનું પ્રશ્નપત્ર એકંદરે સરળ નીકળતા વિદ્યાર્થીઓ હળવા મુડમાં જોવા મળ્યા હતા. જ્યારે પ્રશ્નપત્રમાં 'વેલ્યુ ઓફ સ્પોર્ટસ' તેમજ 'વેન ધેર ઈજ વ્હીલ - ધેર ઈઝ વે' જેવા રસપ્રદ વિષય અંગે નિબંધ પુછાયા હતા. જ્યારે ફ્રી ચિલ્ડ્રન કેમ્પ અંગે રીપોર્ટ પુછાયો હતો. પરીક્ષામાં ૨૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જિલ્લામાં ૨૭ બિલ્ડીંગ હાથ ધરાયેલી પરીક્ષાની કાર્યવાહી દરમિયાન કોપી કેસ નોંધાયો ન હોવાનું પણ જિલ્લાશિક્ષણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

સાદરા ખાતે વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દી માર્ગદર્શન અન્વયે ગ્રીષ્મ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય સાદરા ખાતે સામાન્ય પ્રવાહમાં ધોરણ-૧૨ની પરીક્ષા માર્ચ-૨૦૧૨માં આપી હોય તેવા વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે તા. ૨, ૩, અને ૪ મે-૨૦૧૨ દરમિયાન વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દી માર્ગદર્શન ગ્રીષ્મ શિબિર યોજાશે.

વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દી માર્ગદર્શન ગ્રીષ્મ શિબિરમાં જોડાવા માંગતા વિદ્યાર્થીઓએ ૩૦મી એપ્રિલ-૨૦૧૨ સુધીમાં પોતાની નોંધણી મનોજકુમાર પ્રજાપતિને મો.નં. ૯૭૨૩૧૩૭૯૪૯ અથવા ઓફિસ નં. ૨૩૨-૭૪૨૨૮ ઉપર સંપર્ક કરીને નોંધાવી દેવી. ગ્રીષ્મ શિબિરની ફી ૧૫૦ રૂ. રાખવામાં આવી છે. શિબિરમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી નામ નોંધણી ફોર દ્વારા કરાવી લેવી.

કડી પીટીસી કૉલેજ ખાતે શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કૉલેજ કડીમાં શુભેચ્છા સમારોહ તા. ૧૪મી એપ્રિલના રોજ યોજાયો હતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી, ડૉ. રામભાઈ એમ. પટેલ, શ્રી ખોડાભાઈ એમ. પટેલ, મંત્રીશ્રી, શ્રી આર. જે. વ્યાસ, કૅમ્પસ ડાયરેકટરશ્રી, ડાયટના લેકચરર શ્રી, ભૂપેન્દ્રસિંહ વાઘેલા તેમજ ભગીની સંસ્થાના આચાર્યશ્રીઓ, કૉલેજના આચાર્યશ્રી, ડૉ. બાબુભાઈ આર. પટેલ, અધ્યાપકો, વાલીઓ હાજર રહીને તાલીમાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડેલ હતું.

ઈનામ, શિલ્ડ, પ્રમાણપત્રો, મૅડલનું વિતરણ થયેલ હતું. કૉલેજના આચાર્યશ્રી, બાબુલાલ આર. પટેલે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરતાં તેમને પણ સન્માનવામાં આવ્યાં હતા. અધ્યાપક શ્રી, અર્જુનભાઈ બામણીયા, શ્રી મહેન્દ્રભાઈ પંડ્યા એ એમ.એ. એજયુકેશનની ડિગ્રી મેળવવા બદલ સન્માવવામાં આવ્યાં હતો.

વાર્તાકાર ચંદ્રાબેન શ્રીમાળી મહિલા લેખિકા વર્કશૉપમાં

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરનાં વાર્તાકાર ચંદ્રાબેન શ્રીમાળીને પોંડીચેરી ખાતે આયોજિત મહિલા લેખિકા વર્કશૉપમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પ્રાપ્ત થયું છે.

મુંબઈની જાણીતી મહિલા સંસ્થા સ્પૅરો દ્વારા તા. ૧૯થી ૨૩ એપ્રિલ દરમ્યાન યોજાઈ રહેલા આ વર્કશૉપમાં દેશનાં અન્ય વિસ્તારોમાંથી પણ મહિલા લેખિકાઓ ભાગ લઈ રહ્યાં છે.

પોંડીચેરીના આદ્યશક્તિ કૅમ્પસ ખાતે યોજાઈ રહેલા આ વર્કશૉપમાં કવિવર રવિન્દ્રનાથ ટાગોરના સુપ્રસિદ્ધ 'ચાંડાલિકા' નાટક અંગે ચર્ચા કરવામાં આવશે. આ વિષયે પોતાના વિચારો રજૂ કરવા સ્પૅરોનાં રિસૅક્ટર ડૉ. લક્ષ્મી દ્વારા ચંદ્રાબેનને ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગરના સાહિત્યકારો અને મંત્રી ફકીરભાઈ વાઘેલાએ ચંદ્રાબેનને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

સાબરમતી જેલના કેદીઓની પરીક્ષા લેવાઈ

મિત્રો, ઉપરનું ચિત્ર જોઈ, જાણી, વાંચીને અચંબો થશે! શિક્ષણ જગતને બોધપાઠ મળે તેવી ઘટના હમણાં થઈ...વાત એમ છે કે, એક તરફ શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓની પરીક્ષા પોલીસ બંદોબસ્ત સાથે ભયપૂર્વક લેવાઈ રહી છે ત્યારે બીજી તરફ ગૂજરાત વિદ્યાપીઠના પશુપાલન ડેરી વિજ્ઞાનના ત્રિમાસિક તાલીમ અભ્યાસના ભાગ રૂપે ગૌ-સંવર્ધન કેન્દ્ર, સાદરાના પ્રા. રમેશભાઈ પટેલના પરીક્ષણ કાર્ય હેઠળ સાબરમતી જેલના કેદી ભાઈઓની પરીક્ષા સ્વયં શિસ્ત અને અનુશાસન વચ્ચે પોલીસ બંદોબસ્ત વગર નિર્ભયપૂર્વક લેવાઈ રહી છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર ૨૨મીએ ધરતી દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજશે

ગાંધીનગર, તા. ૧૭

પર્યાવરણીય સમસ્યાઓ અંગે જાગૃતિ કેળવવા માટે દર વર્ષે ૨૨ એપ્રિલ - ધરતી દિન તરીકે ઉજવાય છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પ્રતિ વર્ષ કરવામાં આવતી ધરતી દિવસની ઉજવણીનાં ભાગરૂપે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ચિત્રસ્પર્ધાનો વિષય 'સુરક્ષીત પર્યાવરણ, સુરક્ષીત ધરતી' રાખવામાં આવ્યો છે. આ સ્પર્ધા માટે બે ગ્રુપ રાખવામાં આવે છે. 'એ' ગ્રુપમાં ધોરણ-૫ થી ૭ નાં વિદ્યાર્થીઓ તેમજ 'બી' ગ્રુપમાં ધોરણ-૮ થી ૧૦ ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ ચિત્ર સ્પર્ધા તા. ૨૨ એપ્રિલ-૨૦૧૨નાં રોજ સવારે ૮.૩૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક ચ-૬૧/૧, ધ-ટાઈપ, સેક્ટર-૨૩ ખાતે યોજાશે. સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને અનુક્રમે ૫૦૦, ૩૦૦ અને ૨૦૦ રૂ. રોકડ ઈનામ પેટે આપવામાં આવશે. તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ સર્ટીફિકેટ આપવામાં આવશે. બંને ગ્રુપના વિજેતાઓને ઈનામ તેમજ સર્ટીફીકેટ આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાનું નામ ફોન નં. ૨૩૨-૩૫૧૫ અથવા મો. નં. ૯૪૨૬૪-૫૧૧૦૨, મો. નં. ૯૮૨૪૨-૬૦૬૭૭ પર નોંધાવવું. ચિત્ર સ્પર્ધા માટે કલર તેમજ પેડ વિદ્યાર્થીઓએ લાવવાના રહેશે. ડ્રોઈંગ સીટ સાયન્સ સેન્ટર દ્વારા આપવામાં આવશે.

સમર્પણ ધ્યાન પરિવાર દ્વારા સમર્પણ મહાધ્યાન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૧૧ ખાતેના રામકથા મેદાનમાં આગામી ૬ઠ્ઠી મે ના રોજ સમર્પણ ધ્યાન પરિવાર દ્વારા સમર્પણ મહાધ્યાનનો કાર્યક્રમ યોજાશે. જેના પૂર્વારંભે સમૂહ ધ્યાનનો કાર્યક્રમ યોજી પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

માનવધર્મને મુખ્ય આધાર બનાવી આત્મશાંતિની પ્રાપ્તિથી વિશ્વશાંતિની પ્રાપ્તિ સુધીના સમર્પણ મહાઅભિયાન (નિઃશુલ્ક)ને ધ્યાન માર્ગ દ્વારા વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડવા માટેના શુભ આશયથી છેલ્લા એક દાયકાથી વધુ સમયથી કાર્યરત 'સમર્પણ ધ્યાન પરિવાર'ના ઉપક્રમે આગામી તા. ૬ મે ૨૦૧૨ના રોજ રામકથા મેદાન સેકટર-૧૧ ખાતે સવારે ૫ થી ૭ દરમિયાન 'સમર્પણ મહાધ્યાન' કાર્યક્રમ યોજાશે. જેના પ્રચાર અભિયાનના શુભારંભ સ્વરૂપે રવિવારે સમૂહધ્યાનનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ આગામી 'મહાધ્યાન' કાર્યક્રમના હાઈટેક પ્રચારરૂપે સદ્‌ગુરુના ચિત્ર સાથેના વિશાળ બલૂનને હવામાં તરતો મૂકવામાં આવ્યો હતો. તમામ ઉપસ્થિત સાધક ભાઈ-બહેનોએ આગામી 'મહાધ્યાન' કાર્યક્રમને અભૂતપૂર્વ રીતે સફળ બનાવવા મંત્રોચ્ચાર સાથે સંકલ્પ વ્યકત કર્યો હતો.

યુથ કેમ્પસ - ધ્વનિલ પારેખ
gsrelation@yahoo.com

દેશનું શિક્ષણ સ્થિતિ અને સુધારા

ભારતીય પરંપરા અને ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણનું સ્થાન આગવું અને મહત્ત્વનું રહ્યું છે. ગુરુકુળ શિક્ષણ પરંપરા વિશ્વ વિખ્યાત હતી. નાલંદા, તક્ષશિલા અને વલભી વિદ્યાપીઠોમાં વિદેશથી વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે આવતા હતા અને અહીંનાં મૂલ્યો અને સંસ્કૃતિનું શિક્ષણ પ્રાપ્ત કરતા હતા. પણ આજે ? આજે પરિસ્થિતિમાં સમૂળગો બદલાવ આવ્યો છે અને દેશની શિક્ષણ પરિસ્થિતિનો ચિતાર બદલાયો છે. જે દેશમાં વિદેશથી વિદ્યાર્થીઓ જ્ઞાનોપાર્જન માટે આવતા હતા એ દેશમાં આજે વિદેશી યુનિવર્સિટીઓનું લાલ જાજમ પાથરીને સ્વાગત થાય છે. જે દેશનાં મૂલ્યો અને સંસ્કૃતિનું શિક્ષણ મેળવવા દૂર-દૂરથી વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે આવતા હતા એ દેશમાં પાશ્ચાત્ય શિક્ષણ પાછલે બારણેથી પ્રવેશી રહ્યું છે. આપણાં મૂલ્યો ભૂલાઈ રહ્યાં છે અને વિદેશી મૂલ્યોની આયાત શિક્ષણમાં થઈ રહી છે.

શિક્ષણની બદલાતી જતી પરિસ્થિતિ કોઈ એક ક્ષેત્ર કે કોઈ એક વિષયના શિક્ષણ પૂરતી સીમિત નથી. શિક્ષણ આજે મૂલ્ય નહીં પણ વ્યવસાય બની ગયો છે. સ્વનિર્ભર શાળાઓ અને કૉલેજો પાનની દુકાનની જેમ ખૂલી રહી છે અને પોતાને મનફાવે તેમ ફી વધારી રહી છે. આજે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું એ માત્ર અમીરોનો ઈજારો બની ગયો છે. સામાન્ય વર્ગનો હોંશિયાર વિદ્યાર્થી પણ નાણાકીય ભીડને કારણે ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જાય એવા ઘણા કિસ્સા જોવા-સાંભળવા મળે છે. કોઈ પણ દેશ માટે એની શિક્ષણ પ્રણાલી જેટલી સરળ, સહજ અને સુગમ હોય એટલું એ દેશનું ભાવિ વધારે મજબૂત બને! કોઈ પણ નવા પ્રકારના વિચાર કે એના અમલીકરણ પાછળ શિક્ષણનો બહુ મોટો ફાળો રહેલો છે. છતાં આપણા દેશમાં શિક્ષણની ઘોર ઉપેક્ષા કરવામાં આવે છે. સંરક્ષણ પાછળ જેટલો ખર્ચ કરવામાં આવે છે એનાથી ઘણો બધો ઓછો ખર્ચ શિક્ષણ પાછળ કરવામાં આવે છે. દેશના નાગરિકોની પાયાની જરૂરિયાતો પૂર્ણ કરવાની જવાબદારી સરકારની છે અને એમાં શિક્ષણનો સમાવેશ પણ થઈ જાય છે. પરંતુ આપણા દેશની કમનસીબી એ છે કે સરકાર હવે આ જવાબદારીમાંથી પણ પીછેહઠ કરી રહી છે અને શિક્ષણને એક સુસંસ્કૃત પ્રણાલીને બદલે વ્યવસાય બનવા તરફ ધકેલી રહી છે. સ્વનિર્ભર સંસ્થાઓ બેરોકટોક પોતાની રીતે આ વ્યવસાય ચલાવી રહી છે. મહેનતુ, જિજ્ઞાસુ અને હોંશિયાર વિદ્યાર્થીની આમાં સ્થિતિ કપરી બની રહી છે. લાગવત અને રૂપિયાની કોથળી ખુલ્લી કરીને નબળા વિદ્યાર્થીઓ આગળ આવી રહ્યા છે, યોગ્ય વિદ્યાર્થીઓ હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે. યોગ્ય વિદ્યાર્થીઓ મહેનત કરીને પાસ થાય ત્યારે નૉકરી મેળવવા માટે પણ તેમણે બીજા પ્રશ્નોનો સામનો કરવો પડે છે. નૉકરી મળે છે ત્યારે ઓછા પગારે તેમનું શોષણ કરવામાં આવે છે. આમ, શિક્ષણના વ્યવસાયમાં લાયકાતના ગળે ટૂંપો દેવામાં આવે છે અને એમાં સ્વનિર્ભર સંસ્થાઓ અગ્રેસર હોય છે.

વિદેશી સંસ્કૃતિના આક્રમણે આપણી સંસ્કૃતિની ઓળખ સમાન શિક્ષણ પ્રણાલી ઉપર મોટો પ્રભાવ પાથર્યો છે અને એને કારણે આપણે આપણી ઓળખ ગુમાવી રહ્યા છીએ. આપણી ઓળખ આપણે પુનઃસ્થાપિત કરવી હોય તો વિદેશી સંસ્કૃતિના મોહમાંથી બહાર આવવું પડશે અને આપણાં મૂલ્યનિષ્ઠ શિક્ષણનું જતન કરવું પડશે. સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓની જે પ્રથા શરૂ થઈ છે એ બંધ ન થાય એ ઈચ્છનીય છે પણ એના ઉપર અંકુશ મૂકવાની આવશ્યકતા છે (આ અંકુશ માત્ર કાગળ ઉપર ન રહે!), જેથી એમની દાદાગીરી બંધ થાય અને યોગ્ય લાયકાત ધરાવનાર વ્યક્તિ યોગ્ય પગારે નૉકરી મેળવી શકે અને ફીનું ધોરણ પણ જળવાઈ રહે ! સરકારે વિદેશી શિક્ષણ સંસ્થાઓને ઉદારીકરણના નામે જે પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું છે એના ઉપર પણ અંકુશ મૂકવાની જરૂર છે, અન્યથા બહારનો વ્યક્તિ આપણા ઘરમાં દાખલ થઈને આપણી ઉપર રાજ કરશે, એવી સ્થિતિ નિર્માણ થશે ! (પાછી અંગ્રેજોવાળી થશે ભાઈ !) શિક્ષણ એ સરકારની જવાબદારી છે અને એ એમાંથી પીછેહઠ ન કરી શકે, અંદાજપત્રમાં સરકારે શિક્ષણ પાછળ પણ યોગ્ય નાણાં ફાળવવા રહ્યા. માનવ સંસાધન વિકાસ મંત્રાલય હેઠળ શિક્ષણનો સમાવેશ કેન્દ્રમાં કરવામાં આવ્યો છે, અલગથી શિક્ષણ મંત્રાલય ઊભું કરવું જોઈએ, જેથી સમગ્રતયા દેશની શિક્ષણ સ્થિતિ ઉપર નજર રાખી શકાય. આજે દેશનું શિક્ષણતંત્ર ખાડે ગયું છે, એવું ગાઈ-વગાડીને કહેવામાં આવે છે ત્યારે એમાંથી બહાર આવવું હોય તો સુધારાઓ અંગે વિચાર કરવાનો સમય પાકી ગયો છે !

ગુજરાતનાં એક મહિલા ફિલ્મ મેકર : દિવ્યા પટેલ

સિદ્ધિ યાત્રા - જનક પટેલ

એક ફિલ્મ નિર્માતાએ પોતાનાં પત્નીને કહ્યું, 'હવેથી તું પણ મારા કાર્યની સહભાગી બનીશ, આપણે બંને સાથે મળીને સામાજિક ફિલ્મો બનાવીશું.' ત્યારે પત્ની કાજોલ અભિનીત બાઝીગર ફિલ્મ જોવામાં વ્યસ્ત હતાં. ઘડીભર તેમને થયું કે મને ચલચિત્ર વિશે કશું જ્ઞાન નથી. હું કેવી રીતે મારા પતિને મદદ કરીશ? છતાં તેમને વિચાર આવ્યો કે

ભણશે? આટલું ભણીને શું કરશે? દીકરી તો સાસરે જ શોભે ! અને દિવ્યાબેનનાં લગ્ન થયાં હિમાંશુભાઈ સાથે. એ પછી એક આદર્શ ગૃહિણીની માફક સંસારના સ્નેહતંતુઓમાં એ પૂર્ણપણે પરોવાઈ ગયાં.

હિમાંશુભાઈને પહેલેથી જ કૅમેરા પ્રત્યે અનેરી દોસ્તી હતી. એ કારણે તેઓ ફિલ્મ લાઈનમાં જોડાયેલા હતા. દે દરમ્યાન દિવ્યાબેન ગૃહિણીની ફરજ અદા કરતા હતા. અલબત્ત, તેમનું મહત્ત્વાકાંક્ષી મન કોઈક મુકામ શોધતું હતું. શું ? એ નક્કી કરી શકાયું ન હતું. પણ એ 'શું'નો જવાબ પતિએ જ આપી દીધો.

પતિની સલાહથી દિવ્યાબેને ફિલ્મ નિર્માણ કાર્યનો આરંભ કર્યો. દરમ્યાન એમના ઘરે પારણું બંધાયું, દીકરાનો જન્મ થયો. એ પછી થોડા સમયમાં જ દિવ્યાબેને ફિલ્મને લગતાં બધાં જ પાસાંનું જ્ઞાન મેળવી લીધું, એમાં કુશળતા હસ્તગત કરી લીધી. તીવ્ર જિજ્ઞાસાને કારણે ફિલ્મ બનાવવાની ફિલોસૉફી પણ ફટાફટ શીખી ગયાં.

અમે રે લૂંટાયા તારી પ્રીતમાં, પ્રીત ભરી ઓઢણી, તારો મારો સંગ નહીં છૂટે, જાદુગર દિલવાળો, જય બહુચર મા જેવી એકવીસ ફિલ્મો તેમણે રસપૂર્વક બનાવી, જે સફળ નીવડી. એમની ફિલ્મ નિર્માણ ક્ષમતાને ખૂબ સરાહના મળી. આ દંપતિએ ફિલ્મલાઈનમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું.

દિવ્યાબેન પોતાના સરળ સ્વભાવ અને સ્વચ્છ વ્યવહારના કારણે કલાકારથી માંડીને સ્પૉટ બૉય સુધીના તમામ વ્યક્તિઓની પરિવારના સભ્યોની જેમ કાળજી લે છે અને ધંધાકીય સંબંધોમાં મીઠાશની મધુરતાને ભરી દે છે. આ કારણે તેમનો દરેક પ્રૉજેક્ટ સરળતાથી અને સારી રીતે પૂર્ણ થાય છે.

દરેક વ્યક્તિનો કોઈ આદર્શ હોય છે. એમ દિવ્યાબેનનો પણ આદર્શ ગણો કે ગુરૂ - એ તેમના પતિ અને ગુજરાતનાં પીઢ અભિનેત્રી ચારુબેન પટેલ છે. ચારુબેન સાથે એમણે પંદરેક ફિલ્મો કરી છે. ગુજરાતી ચલચિત્ર સાથે સંકળાયેલા મોટાભાગના કલાકારો સાથે એમણે ફિલ્મો કરી છે. નવોદિતોમાં ગાયક, અભિનેતા અને નિર્માતા જયેશ રાવલ સાથે કામ કરવું એમને ખૂબ ગમે છે.

દિવ્યાબેન કહે છે, 'અમે સારી ફિલ્મો બનાવી સમાજને ભરપૂર

મનોરંજન આપવા કટિબદ્ધ છીએ. પ્રેક્ષકોએ અમારા કાર્યનો સ્વીકાર કર્યો છે તો અમે પણ એમને ખુશ રાખીશું.'

બૉલીવૂડ સાથે પણ દિવ્યાબેને નાતો રાખ્યો છે અને બૉલીવૂડમાં એમના પ્રિય કલાકાર રાજપાલ યાદવ છે, જેની સાથે કામ કરવાની એમની ખૂબ ઈચ્છા છે.

દિવ્યાબેને તાજેતરમાં જ એક નવી ફિલ્મ 'ચીખ ધ સાઉલ' બનાવવાની જાહેરાત કરી છે. ફિલ્મનો પ્રોમો શૂટ થઈ ચૂક્યો છે. બાકીની વિગતો નિયત કરવાનું ચાલુ છે. શક્યતઃ હિન્દી ફિલ્મ જગતના કલાકારો આ ફિલ્મમાં ભાગ લે તેવી શક્યતા છે.

આવા ગરવાં ગુજરાતી ફિલ્મ નિર્માતાને હાર્દિક શુભકામનાઓ !